આજે કેન્દ્રીય કેબિનેટમાં ફેરફાર

નવી દિલ્હી,તા.૨૭

કેન્દ્રીય વિદેશ પ્રધાન એસ એમ કૃષ્ણાએ રાજીનામું આપી દીધાના એક દિવસ બાદ આજે સવારે અંબિકા સોની, સુબોધકાંત સહાયે મુકુલ વાસનિક અને મહાદેવ ખાંડેલાએ પણ રાજીનામા આપી દીધા હતા. આ રીતે કેબિનેટમાંથી રાજીનામું આપી દેવાનો સિલસિલો સતત બીજા દિવસે પણ જારી રહ્યો હતો. મુકુલ વાસનિકે પણ ગઈકાલે મોડી રાત્રે રાજીનામું આપ્યું હતું. ચર્ચાઓનો દોર પૂર્ણ થઈ ગયા બાદ હવે આવતીકાલે સવારે ૧૧.૩૦ વાગે કેન્દ્રીય કેબિનેટમાં ધરખમ ફેરફાર કરવામાં આવનાર છે. કેન્દ્રીય કેબિનેટમાં આવતીકાલે ફેરફાર માટેનો તખ્તો તૈયાર થઈ ચૂક્યો છે. છેલ્લી ઘડીની વાતચીત પણ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને વડાપ્રધાન મનમોહનસિંહ વચ્ચે થઈ ચૂકી છે. માહિતી અને પ્રસારણ પ્રધાન અંબિકા સોની અને પ્રવાસ પ્રધાન સુબોધકાંત સહાયે આજે સવારે વડાપ્રધાનને તેમના રાજીનામા આપી દીધા હતા. આવતીકાલે સવારે ૧૧.૩૦ વાગે કેબિનેટમાં ફેરફાર કરવામાં આવનાર છે. રાષ્ટ્રપતિ ભવનના પ્રવક્તાએ આજે સવારે આ મુજબની માહિતી આપી છે. વેણુરાજામોનીએ માહિતી આપતા કહ્યું છે કે કેટલાક વધુ પ્રધાનો પણ રાજીનામા આપવાની તૈયારી કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૪ માટે યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલા કેબિનેટનું છેલ્લી વખત વિસ્તરણ હોઈ શકે છે. શુક્રવારે વડાપ્રધાને કૃષ્ણાનું રાજીનામું સ્વીકારી લીધું હતું. કેન્દ્રીય કેબિનેટમાં મોટાપાયે ફેરફારની તૈયારી થઈ ચૂકી છે. વાસનિકે આજે સવારે કહ્યું હતું કે તેઓ રાજીનામું આપી ચૂક્યા છે. વડાપ્રધાન મનમોહનસિંહ અને યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી કેન્દ્રીય કેબિનેટમાં ફેરફાર અંગે ચર્ચા કરી ચૂક્યા છે. તાજેતરના સમયમાં વિદેશ મંત્રી તરીકે રાજીનામું આપી ચૂકેલા કૃષ્ણા વિવાદમાં રહ્યા હતા. લોકાયુક્ત અહેવાલ સહિત ઘણા વિવાદમાં તેઓ ફસાયેલા હતા. વિમ્બલ્ડનમાં ટેનીસ મેચ જોવા ઈંગ્લેન્ડ જવાના તેમના નિર્ણયની પણ ટીકા થઈ હતી. ખાસ લોકાયુક્ત કોર્ટે કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી યેદીયુરપ્પા, જનતાદળ સેક્યુલરના નેતા દેવ ગૌડાને આવરી લેતા મામલામાં તપાસનો આદેશ આપ્યા બાદ કૃષ્ણાએ ગઈકાલે રાજીનામું આપ્યું હતું. કોંગ્રેસના જનરલ સેક્રેટરી રાહુલ ગાંધી સરકારમાં સામેલ થશે કે કેમ તેને લઈને સસ્પેન્સની સ્થિતિ છે પરંતુ રાહુલ ગાંધીને માનવ સંશાધન વિકાસ પ્રધાન તરીકે કેબિનેટમાં સામેલ કરવા તૈયારી થઈ ચૂકી છે. કેટલાક પ્રધાનોની હકાલપટ્ટી થઈ શકે છે જેમાં કોલસા પ્રધાન પ્રકાશ જયેસ્વાલનો સમાવેશ થઈ શકે છે. કેન્દ્રિય કેબિનેટમાં ફેરફાર પહેલાં રાજકીય વર્તુળોમાં જોરદાર ચર્ચા ચાલી રહી છે. કોંગ્રેસના ટોચના નેતાઓ લોબી પણ ચલાવી રહ્યા છે. કોને સામેલ કરવામાં આવશે અને કોને નહીં તેને લઈને નિર્ણય લેવામાં આવી રહ્યો છે. સત્તાવાર માહિતી આવતીકાલે સવારે જાણી શકાશે.

ફેરફારની સાથે સાથે...

- કેન્દ્રિય કેબિનેટમાં આવતીકાલે સવારે ૧૧.૩૦ વાગ્યે ફેરફાર
- વિવાદમાં રહેલા પ્રધાનોને પડતા મૂકાશે
- કેટલાક નવા ચહેરાઓને તક આપવામાં આવે તેવી શક્યતા
- કેબિનેટમાં ફેરફાર તૃણમૂલે છેડો ફાડી લીધા બાદ જરૂરી બન્યો છે
- ચિરંજીવીને પણ કેબિનેટમાં સ્થાન આપવામાં આવશે
- રાહુલ ગાંધીને લઈને હજુ પણ સસ્પેન્સની સ્થિતિ
- વાતચીતનો દોર પરિપૂર્ણ થયા બાદ હવે વિસ્તરણ થશે
- લોકસભાની ચૂંટણી પહેલા અંતિમ વિસ્તરણ અને ફેરફાર હોવાની પણ શક્યતા
- ઘણા લોકોને પક્ષ મજબૂત કરવાની જવાબદારી સોંપાશે
- ક્રિષ્ણાએ રાજીનામું આપી દીધા બાદ વધુ કેટલાક પ્રધાનોએ રાજીનામું આપી દીધુ
- અંબિકા સોની, મુકુલ વાસ્મિક, સુબોધકાંત સહાયે મહાદેવ ખાડેલાએ રાજીનામું આપ્યુ.

કેબિનેટમાં કોને સમાવાશે અને કોને પડતા મુકાશે...

કેન્દ્રીય કેબિનેટનું આવતીકાલે સવારે ૧૧.૩૦ વાગે વિસ્તરણ કરવામાં આવનાર છે જેમાં કેટલાક વિવાદમાં રહેલા પ્રધાનોની હકાલપટ્ટી કરવામાં આવી શકે છે જ્યારે કેટલાકને સામેલ કરવામાં આવી શકે છે. જે લોકોના નામ પડતા મૂકવાની ગણતરીમાં છે અને જે લોકોના નામ કેબિનેટમાં સામેલ કરવાની હિલચાલ છે તે નીચે મુજબ છે.

કોને-કોને સમાવાશે?

ચિરંજીવી(આંધ્રપ્રદેશ), અબુ હસીમખાન(કોંગી નેતા અબુ બરકતના ભાઈ), દીપાદાસ મુન્શી(પ્રિયરંજન મુન્શીના પત્નિ), એનસીપી નેતા તારીક અનવર,મનિષ તિવારી

કોણ પડતા મુકાશે?

શ્રીપ્રકાશ જયસ્વાલ(કોલસા પ્રધાન), અંગાપા સંગ્મા, બેનીપ્રસાદ વર્મા(સ્ટીલ પ્રધાન)

કેટલાને લેવાશે તે અંગે માહિતી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. વાસનિકે કહ્યુ છે કે પક્ષના સંગઠનને મજબુત બનાવવા માટે તેઓ ઉત્સુક છે. બીજીબાજુ સહાયે પણ આવી જ વાત કરી છે. તૃણમૂલ કોંગ્રેસે યુપીએ સાથે છેડો ફાડી દીધા બાદ કેબિનેટમાં ફેરફારનો તખ્તો તૈયાર થયો છે. તૃણમૂલના યુપીએ સરકારમાં છ પ્રધાનો હતો. જે નામ પર ચર્ચા ચાલી રહી છે તેમાં ચિરંજીવી, અબુહસીમખાન ચૌધરીનો સમાવેશ થાય છે. ઉપરાંત પશ્ચિમ બંગાળ કોંગ્રેસના સાંસદ દીપાદાસ મુનશીનો સમાવેશ થાય છે. કેટલાક પ્રધાનો પાસેહાલ એકથી વધુ ખાતાઓ છે તેમને રાહત આપવામાં આવી શકે છે. ક્રિષ્ણાને કર્ણાટક સંગઠનની જવાબદારી સોંપવામાં આવી શકે છે. કબિલ સિબ્બલ, સીપી જોષી, વ્યાલર રવિ, સલમાન ખુરશીદ જેવા નેતા એકથી વધુ ખાતા ધરાવે છે. સચિન પાઈલોટ, જ્યોતિરાજ સિંધ્યાના નામ પર પણ ચર્ચા છે.

નવા પ્રધાનોને શિયાળુ સત્રની તૈયારી માટે પૂરતો સમય હશે

નવી દિલ્હી,તા.૨૭

વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલા કેન્દ્રિય કેબિનેટમાં અંતિમ ફેરફાર હોઈ શકે છે. સંસદનું સત્ર શરૂ થવા આડે હજુ ઘણો સમય હોવાથી નવા પ્રધાનોને પણ પૂરતો સમય મળી શકે છે. નવા પ્રધાનોને નવેમ્બર-ડિસેમ્બરમાં યોજાનાર સંસદના શિયાળુસત્ર પહેલા તૈયારી કરવાની તક મળી જશે. તાજેતરમાં જ યુપીએ સરકાર અનેક પ્રકારના વિવાદોમાં રહી છે જેના લીધે તેની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો છે.

ટુજી કૌભાંડ, કોમનવેલ્થ કૌભાંડ, કોલસા કાંડ સહિતના શ્રેણીબદ્ધ કૌભાંડોથી વડાપ્રધાન મનમોહનસિંહ સહિતના નેતાઓની વ્યાપક ટિકા થઈ છે. અનેક વખત ખુલાસાઓ કરવા પડ્યા છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને મનમોહનસિંહ વચ્ચે છેલ્લા ઘણા સમયથી વાતચીત ચાલી રહી હતી. હવે કેબિનેટમાં ફેરફારનો તખ્તો તૈયાર થયો છે. કેબિનેટમાં કેટલાક એવા પ્રધાનો છે જે એકથી વધુ ખાતાઓ ધરાવે છે. જેમાં કપિલ સિબ્બલ, સીપી જોષી, વ્યાલર રવિ, સલમાન ખુરશીદનો સમાવેશ થાય છે. આ પ્રધાનો પાસેથી વધારાના ખાતા લઈને અન્યોને આપવામાં આવશે. વિલાસરાવ દેશમુખ વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રધાન હતા. તેમનુ હાલમાં અવસાન થયુ હતુ. તેમની જગ્યા પણ ખાલી પડી છે. જ્યારે ટુજી કેસના કારણે ડીએમકેના નેતા એ રાજા અને દયાનિધી મારનને રાજીનામું આપી દેવાની ફરજ પડી હતી. સૂત્રોનું કહેવું છે કે કોંગ્રેસના વધુ નેતાઓને તક આપવામાં આવશે. જે નામ પર ચર્ચા છે તેમાં પ્રિયરંજનદાસ મુન્શીના પત્નિનો સમાવેશ થાય છે. કેટલાકને સંગઠનની જવાબદારી સોંપવામાં આવનાર છે. ક્રિષ્ણાની જગ્યાએ જે દાવેદારો છે તેમાં આનંદ શર્મા, કરણસિંહ અને શશી થરુરનો સમાવેશ થાય છે. કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રીએ ગઈકાલે રાજીનામું આપ્યુ હતુ.

સુષ્માનું હિમાચલમાં આક્રમક ચૂંટણી પ્રચાર

સિંહ સૌથી વધારે ભ્રષ્ટાચારી સરકારનું હાલ નેતૃત્વ કરે છે

પાલમપુર,તા.૨૭

હિમાચલપ્રદેશમાં વિધાનસભાનું ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધી વધી ગઈ છે. આજે ભાજપે વડાપ્રધાન મનમોહનસિંહ પર સીધા પ્રહારો કર્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે મનમોહનસિંહ દેશની સૌથી બિનસક્રિય અને ભ્રષ્ટ સરકારનું નેતૃત્વ કરી રહ્યા છે. પછાડ અને પાલમપુરમાં ચૂંટણી રેલીને સંબોધતા લોકસભાના વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે પ્રધાનો પર કૌભાંડો માટે દોષારોપણ કરવાનો તેમના પર આક્ષેપ કર્યો હતો. જો કે તેમણે કહ્યુ હતુ કે કેબિનેટના વડા તરીકે પોતાની જવાબદારીમાંથી

સિંહ છટકી શકે નહીં. વડાપ્રધાન ભ્રષ્ટ નેતાઓથી ઘેરાઈ ગયા છે. પરંતુ કેબિનેટના વડા તરીકે તેમની જવાબદારી ભ્રષ્ટાચારને દૂર કરવાની બને છે. સુષ્માએ આક્રમક નિવેદનમાં જણાવ્યું હતુ કે સંસદમાં વડાપ્રધાન સમક્ષ સીધીરીતે આ પ્રશ્ન કરી ચુક્યા છે. પરંતુ તેઓ જવાબ આપી શક્યા નથી. યુપીએ સરકાર શ્રેણીબદ્ધ કૌભાંડોમાં સામેલ છે તેવો આક્ષેપ કરતા તેમણે ઉમેર્યુ હતુ કે કોંગ્રેસે ભ્રષ્ટાચારના તમામ રેકોર્ડ તોડી દીધા છે. ૧.૭૬ લાખ કરોડના ટુજી કૌભાંડ બાદ હવે ૧.૮૬ લાખ કરોડનુ નવું કોલસા કૌભાંડ સપાટી પર આવ્યું છે. ભાવ વધારાના મામલે સરકારની ઝાટકણી કાઢતા ભાજપના નેતાએ કહ્યુ હતુ કે યુપીએ સરકાર માત્ર ભ્રષ્ટ જ નથી બલકે સંપૂર્ણપણે બિનસક્રિય થઈ ચુકી છે. એક પરિવારને વાર્ષિક માત્ર છ જ સબસિડી વાળા સિલિન્ડર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેથી સામાન્ય લોકોની કમર તૂટી ગઈ છે. આ ઉપરાંત રીટેલમાં એફડીઆઈને મંજુરી આપવાનો નિર્ણય પણ આશ્ચર્યચકિત કરનાર છે. વડાપ્રધાન અને યુપીએ સરકારે દેશના લોકો સાથે વિશ્વાસઘાત કર્યો છે. કોઈ પણ સાથે ચર્ચા વગર રીટેલમાં એફડીઆઈને મંજુરી આપવાનો નિર્ણય લેવાયો છે. ગડકરીને મામલે તેમણે કહ્યુ હતુ કે તેઓ પોતે જ કોઈ પણ તપાસ સંસ્થા મારફતે તપાસ માટે સહમત થયા છે.

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં નજીવો વધારો કરાયો

નવી દિલ્હી, તા.૨૭

સરકારે પેટ્રોલપંપ ડિલરોને ચૂકવવામાં આવતા કમીશનમાં વધારો કરવાનો આદેશ જારી કરી દેતા આખરે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો થઈ ગયો છે. આ વધારો અમલી પણ બનાવી દેવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણયથી પેટ્રોલ અને ડિઝલની કિંમત ક્રમશઃ ૨૯ અને ૨૦ પૈસા પ્રતિલિટર વધી ગઈ છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૬૭.૯૦ રૂપિયાથી વધીને ૬૮.૧૯ થઈ ગઈ છે. જ્યારે ડિઝલની કિંમત ૪૬.૯૫થી વધીને ૪૭.૧૫ રૂપિયા થઈ ગઈ છે. રાજ્યોમાં સ્થાનિક સેલ્સટેક્સ અને વેટના કારણે કિંમતોમાં ફરક રહેશે. પેટ્રોલની કિંમતમાં ૨૯ પૈસાથી લઈને ૩૭ પૈસા સુધીનો અને ડિઝલની કિંમતમાં ૨૦ પૈસાથી લઈને ૨૪ પૈસા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. સુત્રોએ કહ્યુ છે કે પેટ્રોલિયમ મંત્રાલયે ગઈકાલે મોડીરાત્રે આદેશ જારી કર્યો હતો. પેટ્રોલ પર ડિલર કમિશન ૧.૪૯ રૂપિયાથી વધારીને ૧.૭૮ રૂપિયા કરી દેવામાં આવ્યો છે. જ્યારે ડિઝલ પર કમિશન ૧૮ પૈસાથી વધારીને ૧.૦૮ રૂપિયા કરી દેવામાં આવ્યો છે. વેટને ગણવામાં આવે તો ડિઝલમાં વધારો ૨૦ પૈસા રહેશે. ડિલર કમિશનમાં વધારો કરવાનો નિર્ણય ગુરૂવારે કરવામાં આવ્યો હતો પરંતુ આદેશ ગઈકાલે મોડી રાત્રે જારી કરવામાં આવ્યો હતો. જુલાઈ ૨૦૧૧બાદ ડિલર કમિશનમાં પ્રથમ વખત વધારો કરવામાં આવ્યો છે. જુલાઈ ૨૦૧૧માં પેટ્રોલ પર કમિશન ૨૮ પૈસા અને ડિઝલ પર ૧૫.૫ પૈસા વધારી દેવામાં આવ્યો હતો. ઓલ ઈન્ડિયા પેટ્રોલિયમ ટ્રેડર્સના મહાસચિવ અજય બંસલે કહ્યુ છે કે આ વધારો માંગ મુજબ કરવામાં આવ્યો નથી.

ચંદ્રબાબુનો સહેજમાં જ બચાવ

હૈદરાબાદ,તા.૨૭

તેલગુદેશમ પાર્ટીના અધ્યક્ષ અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ આજે સહેજમાં બચી ગયા હતા. મહેબૂબ નગર જિલ્લામાં આજે જે મંચ ઉપરથી તેઓ સભા કરી રહ્યા હતા તે મંચ એકાએક ધરાશાયી થઈ જતા ભારે અફડાતફડી મચી ગઈ હતી. જો કે આ બનાવમાં કોઈને પણ ઈજા થઈ ન હતી. મળેલી માહિતી મુજબ પક્ષના મોટી સંખ્યામાં કાર્યકરો સામુહિક રીતે મંચ ઉપર પહોંચી જવાના પ્રયાસમાં હતા જેના કારણે આ બનાવ બન્યો હતો. જનસભાના અંતમાં કામચલાઉ મંચ તૂટી પડતા કાર્યકરોમાં પણ ભાગદોડ મચી ગઈ હતી. નાયડુ ગડવાલમાં પોતાની પદયાત્રા દરમિયાન સભાને સંબોધિત કરી રહ્યા હતા. આ બનાવ બન્યો ત્યારે નાયડુ પોતાનું નિવેદન પૂર્ણ કરી ચુક્યા હતા અને ઘટના સ્થળેથી રવાના થવાની તૈયારીમાં હતા. પૂર્વ મુખ્યમંત્રીને તરત જ ચોક્કસ સુરક્ષાજવાનોએ બચાવી લીધા હતા. આ બનાવના મામલામાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. નાયડુ હાલ પોતાના કાર્યકરોની સાથે પદયાત્રા કરી રહ્યા છે.

કલ્યાણસિંહે અંતે બાબરી ધ્વંસની જવાબદારી લીધી

નવી દિલ્હી,તા.૨૭

ઉત્તર પ્રદેશના પૂર્વમુખ્યમંત્રી કલ્યાણસિંહે બાબરી મસ્જિદ ધ્વંસની જવાબદારી આખરે સ્વીકારી લીધી છે. અયોધ્યામાં વિવાદાસ્પદ માળખાને તોડી પાડવાનું કામ તેમના ઈશારે થયુ હોવાની વાત કલ્યાણસિંહે કરતા સનસનાટી ફેલાઈ ગઈ છે. ઉત્તરપ્રદેશના એટામાં કલ્યાણસિંહે બાબરી ધ્વંસની વાત કબૂલી છે. તેમણે કહ્યુ હતુ કે કાર સેવકોને કોઈ પણ પ્રકારનું નુકસાન ન થાય તેનો આદેશ તેમના દ્વારા જ અપાયો હતો. આશરે ૨૦ વર્ષ બાદ કલ્યાણસિંહે બાબરી મસ્જિદ તોડી પાડવાની જવાબદારી લીધી છે. છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે

બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી હતી. તેમણે કહ્યુ છે કે કાર સેવકો ઉપર ગોળી ચલાવવામાં ન આવે તેવો આદેશ કર્યો હતો આ જ કારણસર વહિવટી તંત્ર તરફથી ગોળીબાર કરવામાંઆવ્યો ન હતો. અધિકારીઓની સામે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં ન આવે તેવો પણ આદેશ આપ્યો હતો. બાબરી ધ્વંસ મામલામાં તપાસ કરી રહેલા લીબરહાન પંચ સમક્ષ પણ તેઓએ આવું જ નિવેદન આપ્યુ હતુ.

અત્રે ઉલ્લેખનિય છે કે જ્યારે કલ્યાણસિંહ મુખ્યમંત્રી હતા ત્યારે જ બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી હતી. હાલમાં કલ્યાણસિંહ ભાજપમાં પરત ફરશે. તેવી અટકળો ચાલી રહી છે. રાષ્ટ્રવાદી તાકાતોને એક સાથે લાવવા તેઓ પોતાની પાર્ટી જન ક્રાંતિ પાર્ટી ભાજપમાં ભેળવી દેશે. ભાજપના પૂર્વ અધ્યક્ષ રાજનાથસિંહ પણ આ અંગેનો સંકેત આપી ચુક્યા છે. ઉત્તરપ્રદેશના રાજકારણમાં ફરી એકવાર રામ મંદિરનો મુદ્દો ઉઠે તેવી શક્યતા છે. ૨૦ વર્ષ જુના મુદ્દાને કલ્યાણસિંહે ઉઠાવ્યો છે. ભાજપની તાકાત ઉત્તરપ્રદેશમાં ફરી મજબુત બને તેવો હેતુ આની પાછળ રાખવામાં આવ્યો છે. ભાજપે હજુસુધી પ્રતિક્રિયા આપી નથી.

ગુજરાત ચૂંટણી ઉપર ધ્યાન આપવાનો મોદીને આદેશ

વડાપ્રધાન પદ અંગે નિર્ણયની જવાબદારી એનડીએ પર છોડી દેવા મોદીને સંઘના નેતાઓએ સૂચના પણ આપી : ગુજરાત ચૂંટણીમાં સહાયતા કરવાની ખાતરી આપી

મુંબઈ,તા. ૨૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ટોચના નેતાઓએ ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી ઉપર મુખ્ય ધ્યાન આપવા નરેન્દ્ર મોદીને સ્પષ્ટ સૂચના આપી છે. વડાપ્રધાન પદના ઉમેદવાર અંગેનો નિર્ણય એનડીએ ઉપર છોડી દેવા સૂચના આપવામાં આવી છે. રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં બળવાખોરો પક્ષ માટે કામ કરે તે માટે સક્રિય થઈ જવા પણ કહેવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. ગયા રવિવારે નાગપુરમાં સંઘના વડામથકે યોજાયેલી બેઠકમાં આરએસએસના વડા મોહન ભાગવતે મુખ્યમંત્રીને વિધાનસભાની ચૂંટણીનો ઉપયોગ કરીને ટોચના હોદ્દા માટે પોતાને જાતે પ્રોજેક્ટ ન કરવા કહ્યું હતું. આરએસએસમાં ટોચના સૂત્રોએ કહ્યું છે કે સંઘના નેતાઓએ રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં સંપૂર્ણ ટેકો આપવાની મોદીને ખાતરી આપી છે. સાથે સાથે એવી સ્પષ્ટતા કરી છે કે હાલમાં ચૂંટણી ઉપર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે.

મોદી થોડાક દિવસ પહેલાં જ ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ દ્વારા તેમની સામે કરવામાં આવેલા ખોટા પ્રચાર અંગે રજૂઆત કરવા પહોંચી ગયા હતા. પ્રવિણ તોગડિયાના નેતૃત્વમાં વિશ્વ હિંદુ પરિષદ દ્વારા પણ મોદીને હાલમાં ટેકો આપવામાં આવી રહ્યો નથી. મોદી ચૂંટણી પહેલા ગુજરાતમાં ભાજપના પૂર્વ સેક્રેટરી સંજય જોષીની વારંવારની યાત્રા માટે પણ ચિંતિત હતા. નામ જાહેર નહીં કરવાની શરતે સંઘના એક નેતાએ કહ્યું છે કે આરએસએસના નેતાઓને વિધાનસભાની ચૂંટણી પ્રચારનો ઉપયોગ કરવા અંગે મોદી મામલે જુદી જુદી ફરિયાદો મળી રહી છે.

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમી વધી ગઈ છે ત્યારે મોદી પર પણ હાલ ભારે દબાણની સ્થિતિ છે કારણ કે સંઘ અને વિહીપના નેતાઓ આ વખતે મોદીથી નારાજ દેખાઈ રહ્યા છે.

નીતિશકુમાર ગુજરાત નહીં આવે

અમદાવાદ,તા.૨૭

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે ગુજરાતમાં ચૂંટણી પ્રચાર નહીં કરવાનો નિર્ણય કરતા રાજકારણમાં જોરદાર ગરમી જામી ગઈ છે. નીતિશકુમાર અને મોદી વચ્ચે છેલ્લા ઘણા સમયથી સંબંધો સારા રહ્યા નથી.

એકબાજુ નીતિશકુમાર બિહારમાં મોદીને પ્રવેશ આપવા સામે વાંધો ઉઠાવી ચુક્યા છે બીજીબાજુ આડકરતી રીતે નીતિશકુમાર ચૂંટણી પ્રચારથી ખસી ગયા છે.

મોડલ વિદુષી હત્યા કેસમાં આઠ ટીમો દ્વારા ઉંડી ચકાસણી

મુંબઈ,તા.૨૭

મુંબઈમાં મોડલ વિદુષી દાસ બર્ડેની હત્યાના મામલામાં પોલીસ પણ ગુંચવણભરી સ્થિતિમાં મુકાઈ છે. હત્યાને ઘણા દિવસ થઈ ગયા હોવા છતાં આ મામલાને ઉકેલવામાં પોલીસને કોઈ સફળતા મળી રહી નથી. કોઈ કડી પણ હજુ હાથ લાગી નથી. હવે દુવિધા વધી જતા પોલીસે કેસને ઉકેલવા માટે આઠ જુદીજુદી ટીમોની રચના કરી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ડીએન નગર પોલીસની ત્રણ ટીમો આ કેસમાં તપાસ કરી રહી છે આ ઉપરાંત ઓશિવારા પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ અધિકારી તથા સાંતાક્રૂઝના પોલીસ અધિકારી પણ આ મામલામાં તપાસ કરી રહ્યા છે. ઝોન-૯ના પોલીસ અધિકારી તથા કાઈમ બ્રાંચની બે ટીમો પણ આમાં તપાસ કરી રહી છે. અન્ડરવર્લ્ડ અને બોમ્બબ્લાસ્ટ સાથે સંકળાયેલા કેસને જો છોડી દેવામાં આવે તો જેડે મર્ડર બાદ પ્રથમ વખત કોઈ કેસને આટલી પ્રાથમિકતા આપીને તપાસ કરવામાં આવી છે.

ડીએનનગર પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીએ કહ્યુ છે કે તેઓ તપાસ અધિકારી તરીકે છે. અત્રે ઉલ્લેખનિય છે કે મોડેલ અને અભિનેત્રી વિદુષી પોતાના આવાસ પર મૃત હાલતમાં મળી આવી હતી. વિદુષીએ નરિમન પોઈન્ટ ખાતે કામ કરતા વ્યક્તિ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. પોલીસ માને છે કે જુદાજુદા એન્ગલથી તપાસ કર્યા બાદ કોઈ નવી વિગત મળી શકે છે. પોલીસને પતિ પર પણ શંકા છે. જે દિવસે વિદુષી મૃત હાલતમાં મળી આવી હતી તે દિવસે સવારે વિદુષીનો પતિ આઠ વાગ્યે નોકરી પર જતો રહ્યો હતો અને વચ્ચેના ગાળામાં ઘણા ફોન પણ કર્યા હતા પરંતુ કોઈ ફોન ઉપડ્યા ન હતા. મેસેજો પણ કર્યા હતા. મોડી રાત્રે ઘરે આવ્યા બાદ વિદુષી મૃત હાલતમાં મળી આવી હતી. પરિવારના સભ્યોનું કહેવું છે કે વિદુષી બિલકુલ ખુશ હતી. પતિ સાથે કોઈ ખેંચતાણ ન હતી.

હથોડી અને ટાંકણું (પાના નં. ૪ નું ચાલુ)

અહિંસાનો માર્ગ પણ એટલો જ શાંતિની પ્રાપ્તિ સુધી લઇ જનારો પથ છે. અહિંસાને જેમણે જીવનમાં અપનાવી તે તમામના હૃદયમાં કરૂણા, દયા અગ્રસ્થાને હોય છે. કરૂણા કે દયા વગર અહિંસા સંભવ નથી, અને જયાં કરૂણા - દયા હોય ત્યાં અવશ્ય શાંતિ પ્રાપ્ય થાય છે જ. ભગવાનનું નામ પણ કરૂણાનિધિ આજ કારણસર પડ્યું છે.

અને ત્રીજો માર્ગ છે પ્રેમનો. જયાં પ્રેમ હશે ત્યાં હંમેશાં ત્યાગની ભાવના હશે. ત્યાગ એ પ્રેમનો મૂળ મંત્ર છે. તમે જેને હૃદયથી પ્રેમ કરતા હશો તેના માટે તમારા મનમાં અપાર શ્રધ્ધા અને હૃદયનો ત્યાગ હશે જ. પ્રેમ જેને કરતાં હોઇએ તેના આનંદમાં જ આપણો સાચો આનંદ છૂપાયેલો હોય છે. આમ ત્યાગીને ભોગવવાની ભાવનાના અંતે મનને સાચી શાંતિ પ્રાપ્ત થાય છે. મનને હાશ થાય છે.

જીવનમાં સાચો આનંદ - સુખ - શાંતિની જો તમને ઝંખના હોય તો આ ત્રણ માર્ગો ચાલી જુઓ. અને દિવ્ય સુખની પ્રાપ્તિ કરી શકશો. હા, ઉપરના કોઇ પણ માર્ગે જવા માટે મજબૂત નિર્ણયશક્તિ અને સહનશક્તિની જરૂર પડશે. પ્રભુને પ્રાર્થના કરી આ રસ્તે નીકળી પડો અને વિશ્વ જે મેળવવા માટે અવનવા માર્ગો શોધે છે, તે ભૌતિક માર્ગે સાચી શાંતિ નહીં જ મળે. આવો, સંકલ્પ કરીએ અને શાંતિનો માર્ગ ગ્રહણ કરીએ.

ૐ શાંતિઃ ॥ શાંતિઃ ॥ શાંતિઃ ॥

વાત કાનૂન કાયદાની (પાના નં. ૪ નું ચાલુ)

બદનક્ષીની ફરિયાદ પહેલા કલમ ૪૯૯, ૫૦૦ મુજબ નોટીસ આપવી ફરજિયાત છે ત્યારબાદ જી.મેજી.ફ.ક.સા. ની કોર્ટમાં જે તે વ્યક્તિ સામે આધાર પુરાવા તથા થયેલ નુકશાન બદનામીની વિગત સાથે ફરિયાદ ૫૦૦, ૫૦૧ મુજબ દાખલ કરવામાં આવે છે. ના. કોર્ટ સામા પક્ષને બચાવવા રજૂ કરતા સમન્સ નોટીસ કાઢી ના.કોર્ટમાં હાજર કરાવી શકે છે. બચાવની પુરતી તક આપવામાં આવે છે. કૃષિમંત્રીએ હાલમાં જ એક એગ્રી અખબાર સામે કરેલ બદનક્ષીની ફરિયાદ ના.કોર્ટમાં દાખલ કરી કાયદાકીય પ્રક્રિયા અંગે સમન્સ પાઠવેલ.

સમાજમાં પ્રતિષ્ઠિત વ્યક્તિની પ્રતિષ્ઠા પડકારવા માટે પ્રેસનોટ જાહેરાત દૃશ્ય શ્રાવ્યના માધ્યમથી ઇલેક્ટ્રોનિક માધ્યમથી સાંકેતિક ચિન્હ્ પણ બદનક્ષી કરવામાં આવે તો ભોગવનાર પત્રકારે ન્યાય માંગવા બદનક્ષી અટકાવવા પ્રસારણ રોકવા માટે ના. કોર્ટનો સહારો લેવો જોઇએ. ન્યાયાલય ઘણીવાર ચાલુ પ્રસારણ અટકાવવાના હુકમ પણ કરેલ છે.

ફૈઝાબાદમાં ફરી સાંપ્રદાયિક હિંસા

ફેઝાબાદ,તા.૨૭

ઉત્તર પ્રદેશના ફેઝાબાદ અને આસપાસના વિસ્તારોમાં આજે સતત ત્રીજા દિવસે સ્થિતિ ખૂબ જ તંગ અને અજંપાભરી રહી હતી કારણ કે ફરી એકવાર ફૈઝાબાદ નગર અને ભદરસાના બે ગામમાં હિંસક ઘટનાઓ બની હતી. અફવાઓના કારણે વહિવટી તંત્રને સ્થિતિને કાબૂમાં લેવામાં સફળતા મળી ગઈ નથી. ગઈકાલે મોડી રાત્રે ફુલવારી ગામમાં કેટલાક લોકોને આંગ ચાંપી દેવામાં આવી હતી. ભદરેસામાં પણ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ હિંસાના ઘણા બનાવ બન્યા હતા.

ફૂલવારી ગામમાં આગના બનાવ સિવાય અન્ય કોઈપણ વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી પરંતુ સ્થિતિ ખૂબ જ વિસ્ફોટક બનેલી છે. ફેઝાબાદના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં સંચારબંધી સતત ત્રીજા દિવસે પણ યથાવત્ રીતે અમલી રાખવામાં આવી છે. સાવચેતીના તમામ પગલાં લેવામાં આવ્યા છે. ફેઝાબાદની સાથે સાથે અયોધ્યા અને અન્ય ધાર્મિક વિસ્તારોમાં પણ સુરક્ષા મજબૂત રાખવામાં આવી છે. કેટલાક શખ્સોને અટકાયતમાં પણ લેવામાં આવ્યા છે. મુસ્લિમોએ ગઈકાલે મસ્જિદમાં નમાઝ અદા કરી ત્યારે તેમને આંનશિક રાહત આપવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્રની વિનંતી બાદ લઘુમતી સમુદાયના કેટલાક સભ્યો સંબંધિત વિસ્તારોમાં ઈદ ઉલ જુહાની નમાઝ અદા કરવા સહમત થયા હતા. ઈદગા ખાતે એકત્રિત થવાના બદલે તેમના સંબંધિત વિસ્તારમાં જ ઈદ ઉલ જુહાની નમાઝ અ